©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXII] MONDAY, 20th SEPTEMBER, 2021/BHADRA 29, 1943 [No. 64**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-૨૦૨૧
### મતદાર-યાદીમાંથી નામ રદ કરવા અંગેની જાહેર નોટીસ

ક્રમાંક : મઉમશબ/ચૂંટણી-૨૦૨૧/ચૂંટણી/૩૯૯/૨૦૨૧.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ(૧), ખંડ(૨), ખંડ(૩), ખંડ(૫), ખંડ(૬), ખંડ(૮) અને ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યોની સામાન્ય ચૂંટણી તા. ૨૫-૦૯-૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૦૮-૦૦ કલાકથી સાંજના ૦૫-૦૦ કલાક દરમિયાન યોજાનાર છે. સંવર્ગવાર મતદાર યાદીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૩(૧) હેઠળ આખરી મતદાર યાદીની પ્રસિધ્ધિ અને ચૂંટણીના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ તા. ૧૫-૦૩-૨૦૨૧ ના જાહેરનામાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ.

COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈને અગાઉ જાહેર થયેલ ચૂંટણીના વિવિધ તબક્કાઓ પૈકી જે તબક્કાઓની પ્રક્રિયા બાકી હતી તે ચૂંટણી પ્રક્રિયા તા. ૧૫-૦૪-૨૦૨૧ ના જાહેરનામાંથી મોકૂફ રાખવામાં આવેલ. COVID-19 ની સામાન્ય થતી પરિસ્થિતિ ધ્યાને લેતાં તા. ૦૭-૦૯-૨૦૨૧ ના જાહેરનામાંથી મોકૂફ રહેલા ચૂંટણીના તબક્કાઓ યોજવાની તારીખો નવેસરથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. મતદાર યાદીની પ્રસિધ્ધિ બાદ ચૂંટણી પ્રક્રિયા અગાઉ નિયત થયેલા સમય મુજબ COVID-19 ના પરિણામે થયેલ ન હોઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) હેઠળ વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના સંવર્ગની મતદાર યાદીઓમાં મતદાર તરીકે નોંધાયેલ વ્યક્તિઓના અવસાન, નિવૃત્તિ, રાજીનામા કે અન્ય કોઈ કારણસર જે તે સંવર્ગનો હોદ્દો મતદાનની તારીખે ધરાવતા ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ મતદાન માટે પાત્ર ગણાશે નહિ અને આવા મતદારોએ મતદાન કરવું તે બિન-અધિકૃત ગણાશે. જેની નોંધ સંબંધિત માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સાથે જોડાયેલા લાગતા વળગતા વિવિધ સંવર્ગના મતદારોએ લેવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૮-૦૯-૨૦૨૧

એ. જે. શાહ
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

મ.નો.-મા-૧/બોર્ડ સુચના/૨૦૨૧/ 13327 તા. 20-09-2021

પ્રતિ,

આચાર્યશ્રી,

અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓ તમામ.

સુરત, જિ.-સુરત

ર/- નકલ તથા અમલ થવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત. જિ. સુરત.